**(1) કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ (Contempt of Court) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) અનુચ્છેદ 128માં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટને વ્યાખ્યાતિ કરવામાં આવેલ છે.
(2) અનુચ્છેદ 129 હેઠળ સુપ્રીમ કોર્ટ તેના કન્ટેમ્પ્ટ બદલ સજા કરી શકે છે.
(3) ન્યાયીક પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાની ક્રિયા 'સિવિલ' કન્ટેમ્પ્ટમાં ગણવામાં આવે છે.
(4) સુપ્રીમ કોર્ટના આદેશ ન માનવાની ક્રિયા 'ક્રિમિનલ' કન્ટેમ્પ્ટમાં ગણવામાં આવે છે.

(A) માત્ર (1) (B) માત્ર (2)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ બંધારણમાં કોઈપણ જગ્યાએ 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'ને વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ બંધારણનો અનુચ્છેદ 129 સુપ્રીમ કોર્ટને તેના કન્ટેમ્પ્ટ બદલ સજા આપવાની સત્તા આપે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સત્તા હાઈકોર્ટ પાસે પણ છે. જેનો ઉલ્લેખ અનુચ્છેદ 215માં કરવામાં આવેલ છે.

⇛ Contempt of Courts Act 1971, મુજબ કન્ટેમ્પ્ટના બે ભાગ છે. (i) સિવિલ અને (ii) ક્રિમિનલ.

⇛ જાણી જોઈને કોર્ટના આદેશ, માર્ગદર્શન, જજમેન્ટ કે અન્ય પ્રક્રિયાનું પાલન ન કરવાની ક્રિયાને 'સિવિલ' કન્ટેમ્પ્ટ ગણવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે)

⇛ કોર્ટની ન્યાયીક પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાની ક્રિયાને 'ક્રિમિનલ' કન્ટેમ્પ્ટ ગણવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ઈસ્તાંબુલ કન્વેન્શન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કન્વેન્શનને ઈન્ટરનેશનલ કન્વેન્શન ઓન પ્રિવેન્ટીંગ વાયલન્સ અગેઈન્સ્ટ વુમેન પણ કહે છે.

(2) તે સ્ત્રીઓ પ્રત્યેની હિંસાને અટકાવવા માટેનું પ્રથમ બાધ્ય કન્વેન્શન છે.

(3) તાજેતરમાં પોલેન્ડ દેશે આ કન્વેન્શનમાંથી બહાર નીકળવાનું નક્કી કર્યું છે.

(4) વર્તમાન સમયે આ કન્વેન્શનમાં 120 જેટલા દેશોએ સહી કેરલી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પોલેન્ડ દેશે ઈસ્તાંબુલ કન્વેન્શનમાંથી નીકળી જવાનું નક્કી કર્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કન્વેન્શનને 'ધ કાઉન્સિલ ઓફ યુરોપ કન્વેન્શન ઓન પ્રિવેન્ટીંગ એન્ડ કોમ્બેટીંગ વાયલન્સ અગેઈન્સ્ટ વુમેન એન્ડ ડોમેસ્ટીક વાયલન્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે વિશ્વની પ્રથમ બાધ્ય સંધિ છે જે સ્ત્રીઓ પ્રત્યેની હિંસાને અટકાવવા અને ઉકેલવાનું ધ્યેય રાખે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ જ્યારે કોઈ સરકાર આ કન્વેન્શનને અમલી કરે છે ત્યારે તે સરકારને કાયદાકીય રીતે આ કન્વેન્શનને અનુસરવું પડે છે.

⇛ વર્તમાન સમયે 45 દેશો તથા યુરોપિયન યુનિયને આ કન્વેન્શન પર સહી કરેલી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) Open Credit Enablement Network (OCEN) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક નવું ક્રેડીટ પ્રોટોકલ ઈન્ફ્રાસ્ટ્રકચર છે.
(2) તેના દ્વારા નાના લેણદારોને સરળતાથી ઋણ મળી શકશે.
(3) તે લોન આપનાર અને માર્કેટપ્લેસને જોડવા ઈચ્છે છે.
(4) તેનો વિકાસ RBI હેઠળના ફાયનાન્સીયલ ઈન્ટેલીજન્સ યુનિટ દ્વારા કરવામાં આવેલો છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ OCEN એ એક નવું ક્રેડીટ પ્રોટોકોલ ઈન્ફ્રાસ્ટ્રકચર છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેના દ્વારા ઋણ આપવાની પ્રક્રિયામાં લોકશાહીતા આવશે તથા નાના લેણદારોને સરળતાથી ઋણ મળી શકશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે લોન આપનાર અને માર્કેટપ્લેસને જોડવા ઈચ્છે છે જેથી અંતિમ લોન લેનારાઓ એક ટેક્નોલોજી સિસ્ટમમાં જોડાઈ શકે અને લોન સસ્તી થઈ શકે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેનો વિકાસ iSPIRIT નામની ટેક્નોલોજી થિંકટેંક દ્વારા કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ iSPIRITનું પૂરુંનામ ઈન્ડિયન સોફટવેર પ્રોડકટ્સ ઈન્ડસ્ટ્રી રાઉન્ડ ટેબલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) વિશ્વ હિપેટાઈટીસ દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ દિવસ 28 જુલાઈના રોજ ઊજવવામાં આવે છે.

(2) આ દિવસે એક વૈજ્ઞાનિકે હિપેટાઈટીસ વાયરસની ઓળખ કરી હતી.

(3) આ વર્ષે આ દિવસની થીમ : હિપેટાઈટીસ–ફ્રી ફ્યુચર છે.

(4) હિપેટાઈટીસ વાયરસના પ્રકારો પૈકી B અને C પ્રકાર દ્વારા સૌથી વધુ મૃત્યુ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 28 જુલાઈના રોજ વિશ્વમાં **WHO** તથા અન્ય સંસ્થાઓ દ્વારા વર્લ્ડ હિપેટાઈટીસ ડે ઊજવવામાં આવે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ જુલાઈ 28 એ નોબેલ વિજેતા ડો. બી. બ્લુમબર્ગનો જન્મદિવસ છે. તેઓએ હિપેટાઈટીસ **B** વાયરસની શોધ કરી હતી. આ વાયરસને ઓળખવા માટેની પરીક્ષણ પદ્ધતિ વિકસાવી હતી તથા આ વાયરસની સારવાર માટેની રસીની પણ શોધ કરી હતી. આથી, આ વૈજ્ઞાનિકના જન્મદિવસને વિશ્વ હિપેટાઈટીસ દિવસ તરીકે ઊજવવામા આવે છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ આ વર્ષે આ દિવસની થીમ : હિપેટાઈટીસ–ફ્રી ફ્યુચર છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ હિપેટાઈટીસ વાયરસના ઘણા પ્રત્રકારો છે, જે પૈકી પાંચ **(A, B, C, D** અને **E)** મુખ્ય છે.

⇛ આ પાંચ પૈકી વિશ્વમાં હિપેટાઈટીસ દ્વારા થતાં મૃત્યુઓમાં **B** અને **C** પ્રકાર સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) CRPF વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ સેન્ટ્રલ રિઝર્વ પોલિસ ફોર્સ છે.
(2) તે ભારતની સૌથી મોટી હથિયારી સેના છે.
(3) તે ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કેર છે.
(4) નકસલવાદીઓ સામે લડતી COBRA શાખા CRPF હેઠળ કાર્ય કરે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ 27 જુલાઈના રોજ CRPF રેઈઝીંગ ડે ઊજવવામાં આવ્યો હતો.

⇒ CRPFનું નિર્માણ 27 જુલાઈ, 1939ના રોજ બ્રિટિશ દ્વારા ‘ક્રાઉન રિપ્રેઝન્ટેટીવ પોલિસ’ તરીકે થયું હતું.

⇒ આ ફોર્સને CRPF અધિનિયમ, 1949 દ્વારા CRPFમાં રૂપાંતરીત કરવામાં આવી હતી.

⇒ CRPFનું પૂરુંનામ સેન્ટ્રલ રિઝર્વ પોલિસ ફોર્સ છે. તથા તે ભારતની સૌથી મોટી હથિયારી સેના છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇒ CRPF એ ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ વર્ષ 2008માં CRPF હેઠળ COBRA નામની વિશિષ્ટ શાખાનું નિર્માણ કરવામાં આવ્યું હતું જે મુખ્યત્વે નકસલવાદીઓ સામે પ્રતિક્રિયા કરે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT